દાખલ તારીખ : ૨૦/૦૨/૨૦૨૬
નોંધ્યા તારીખ : ૨૦/૦૨/૨૦૨૬
ફેસલ તારીખ : ૧૩/૦૩/૨૦૨૬
સમયગાળો : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૨૧

**<u>મ્હે.ઉના એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ મુ.ઉના, જી. ગીર સોમનાથ.</u>**

**ફો.પ.અ.નં.૭૪/૨૦૨૬**
**આંક:-**

(૧) મોહનભાઇ ઉર્ફે મયુરભાઇ માલાભાઇ સોલંકી,
ઉ.વ.આ.૨૨, ધંધો:માછીમારી,

(૨) અક્ષયભાઇ માલાભાઇ સોલંકી,
ઉ.વ.આ.૨૮, ધંધો:માછીમારી,

(૩) ભરતભાઇ પાંચાભાઇ સોલંકી,
ઉ.વ.આ.૩૫, ધંધો:માછીમારી,
તમામ રહે.સીમર, પ્લોટ વિસ્તાર,
તા.ઉના, જી.ગીર સોમનાથ. **.....અરજદારો**

**-:: વિરુધ્ધ ::-**

ધી સ્ટેટ ઓફ ગુજરાત **..... સામાવાળા**

**બાબત :- ધી લીમીટેશન એકટની કલમ-૫ મુજબ વિલંબ માફ કરવા અંગે...**

---

અરજદાર/એપેલેન્ટ તરફે :- વિ.વ.શ્રી એસ.વી.કાદરી
સામાવાળા/રીસ્પોન્ડન્ટ તરફે :- વિ.પ્રોસીકયુટર શ્રી એમ.કે.ગોહેલ

---

**–:: ઠરાવ ::–**

(૧) અરજદાર તરફે હાલની અરજી લીમીટેશન એકટની કલમ–પ મુજબ લાવવામાં આવેલ છે. અરજદારની હાલની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર/આરોપીઓને ફરીયાદી નીલેશભાઇ મોહનભાઇ ડાભીએ આઇ.પી.સી. કલમ–૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે ફો.કે.નં.૧૫૦૩/૨૦૨૨ થી નામદાર ઉનાના ચીફ જયુડી.મેજી.શ્રી ની કોર્ટમાં ચાલી જતા અરજદાર/આરોપીઓ સામે તા.૦૨/૦૧/૨૦૨૬ ના રોજ એક માસની સાદી કેદની સજા અને ફરીયાદીને ઈજા વળતર પેટે રૂા .૧૫,૦૦૦/– કુલ રૂા.૪૫,૦૦૦/– ચુકવવાનો તથા જો અરજદાર/આરોપીઓ આ રકમ વળતર પેટે ન ચુકવે તો વધુ એક માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરેલ અને આરોપી નં.૪ માલાભાઈ નારણભાઇ સોલંકી તથા આરોપી નં.૫ સંજયભાઇ રુડાભાઇ સોલંકીને નિર્દોષ ઠરાવી છોડી મુકેલ. સદર હુકમ થયો ત્યારે અરજદાર/આરોપીઓ દરીયામાં માછીમારી કરવા ગયેલ હતા એટલે તેઓને તેમના વકીલ સાથે સંપર્ક થયેલ ન હોય અને દરીયા માંથી માછીમારી કરી પરત આવતા તેઓને હુકમની જાણ થતા અરજદાર/આરોપીઓ રૂા.૪૫,૦૦૦/– ઉના કોર્ટમાં ભરેલા. અરજદાર/આરોપીઓને કોઇ વોરંટ બજેલ નથી. અરજદાર/આરોપીઓ જાતે નામદાર અદાલત સમક્ષ હાજર થયેલ છે. અરજદાર/આરોપીઓ ગરીબ અને અજ્ઞાત માણસો છે, અભણ છે. સદર અપીલ ચલાવવા માટે અરજદાર/આરોપીઓને આર્થીક તંગી હોય અને પૈસાની સગવડ કરવા માટે નામદાર અદાલતમાં અપીલ દાખલ કરી શકેલ નથી. અરજદાર/આરોપીઓને હુકમ થયા તા.૦૨/૦૧/૨૦૨૬ થી તા.૨૦/૦૨/૨૦૨૬ સુધીમાં ૧ માસ અને ૧૮ દિવસનું ડીલે થયેલ છે અને જે વિલંબ માફ કરી અપીલ અરજી દાખલ કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) આ કામના સામાવાળાને હાલની અરજીની નોટીસ બજી ગયેલ છે. તેઓએ કોઇ વાંધો તકરાર લીધેલ નથી.

(૩) એપેલેન્ટની રજુઆત સાંભળી, એપેલેન્ટની અરજી વંચાણે લીધી તેમજ કાયદાની સ્થીતી ધ્યાને લીધી. હાલના એપેલેન્ટસ ધ્વારા તેઓને અપીલ રજુ કરવામાં થયેલ વિલંબ માફ કરવા અંગે લીમીટેશન એકટની કલમ–૫ ની જોગવાઈ તથા એપેલેન્ટની દલીલ તથા રજુઆત ધ્યાને લેતા, ઉપરાંત લીમીટેશન એકટની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો અપીલ દાખલ કરવા માટે લીમીટેશન એકટ મુજબ ૩૦ દિવસની અંદર અપીલ કરવાનો સમય નિર્ધારીત કરવામાં આવેલ છે અને તા.૦૨/૦૧/૨૦૨૬ ના રોજ હુકમ થયેલ છે અને વિલંબ માફની અરજી તા.૨૦/૦૨/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ છે. તેમજ રીસ્પોન્ડન્ટસને નોટીસ કરવામાં આવેલ છે અને તે રીસ્પોન્ડન્ટસને બજી ગયેલ છે. એપેલેન્ટ દ્વારા કાયદા મુજબ નિયત સમય મર્યાદામાં અપીલ અરજી દાખલ કરેલ નથી. પરંતુ આ કેસના સંજોગો, રજુઆત તથા રેકર્ડ ધ્યાને લેતા નામદાર સુપ્રીમ કોર્ટે આવા કિસ્સાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા, Apex Court in the case of ***Maniben Devraj Shah v/s Municipal Corporation of Brihan Mumbai, reported in AIR 2013 SC 1629*** wherein it is held as under:

> *"18. What needs to be emphasised is that even though a liberal and justice oriented approach is required to be adopted in the exercise of power under* Section 5 *of the Limitation Act and other similar statutes, the Courts can neither become oblivious of the fact that the successful litigant has acquired certain rights on the basis of the judgment under challenge and a lot of time is consumed at various stages of litigation apart from the cost. What colour the expression "sufficient cause" would get in the factual matrix of a given case would largely depend on bonafide nature of the explanation. If the Court finds that there has been no negligence on the part of the applicant and the cause shown for the delay does not lack bonafides, then it may condone the delay. If, on the other hand, the explanation given by the applicant is found to be concocted or he is thoroughly negligent in prosecuting his cause, then it would be a legitimate exercise of*

> *discretion not to condone the delay. In cases involving the State and its agencies/ instrumentalities, the Court can take note of the fact that sufficient time is taken in the decision making process but no premium can be given for total lethargy or utter negligence on the part of the officers of the State and / or its agencies / instrumentalities and the applications filed by them for condonation of delay cannot be allowed as a matter of course by accepting the plea that dismissal of the matter on the ground of bar of limitation will cause injury to the public interest.*

(૪) એપેલેન્ટ ધ્વારા લીમીટેશન એકટની કલમ–૫ મુજબ સમય દરગુજર કરવા અરજ કરેલ છે ત્યારે નામદાર વડી અદાલત તથા નામદાર સર્વોચ્ચ અદાલતના ઘણા ચુકાદામાં લીમીટેશન એકટની કલમ–૫ મુજબ સમય દરગુજર કરવાની અરજીમાં કોર્ટે ટેકનાલીટીમાં ઉતરવુ જોઇએ નહી અને એપેલેન્ટને પોતાની અરજી પુરવાર કરવાની તક આપવી જોઇએ તેવુ ઠરાવેલ છે. એપેલેન્ટે અપીલ કરવામાં થયેલ ઢીલ દરગુજર કરવા અરજી દાખલ કરેલ છે. એપેલેન્ટની બેદરકારી સબબ કોસ્ટ સાથે લીમીટેશન એકટની કલમ–૫ મુજબ સમય દરગુજર કરવાની અરજી મંજુર કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે એવુ આ કોર્ટનું માનવુ છે અને એપેલેન્ટની સદર અરજી મંજુર કરવામાં આવે તો રીસ્પોન્ડન્ટને પોતાની રજુઆત કરવાની તક મળી રહે તેમ છે. જેથી રીસ્પોન્ડન્ટને કોઇ પ્રીજયુડાઇઝ કે વિરુધ્ધની અસર થાય તેમ નથી. જેથી ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લઇ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) પ્રત્યેક એપેલેન્ટ/આરોપીએ જીલ્લા કાનુની સેવા સતા મંડળમાં રૂા.૨,૦૦૦/– અંકે રૂપીયા બે હજાર પુરા કુલ રૂા.૬,૦૦૦/– (અંકે રૂપીયા છ હજાર પુરા)

કોસ્ટ પેટે જમા કરાવ્યેથી, એપેલેન્ટસની અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવાનો હુકમ કરવામાં આવે છે. એપેલેન્ટસે કોસ્ટની રકમ જમા કરાવ્યેથી અપીલ જે તે રજીસ્ટરે દાખલ કરવી.

(૨) એપેલેન્ટસે બીનચુક દિન–૭ માં કોસ્ટની રકમ જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) જો એપેલેન્ટસ દિન–૭ માં કોસ્ટની રકમ જમા નહી કરાવે તો તે રકમ જમા કરાવવા માટે સમય વધારી આપવામાં આવશે નહી.

(૪) ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ–૧૩મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા. ૧૩/૦૩/૨૦૨૬
સ્થળઃ– ઉના.

(અતુલકુમાર આર. પટેલ)
ઈ.ચા.એડીશ્નલ સેશન્સ જજ,
ગીર સોમનાથ એટ ઉના,
કોડ નં. જીજે. ૦૦૭૧૦.